GJGS020020302015

**સ્પે.દિ.મુ. નં. ૫૮/૨૦૧૫**

**આંક–૧ તળે હુકમ**

(૧) આજરોજ સાંજના ૦૪–૦૦ કલાક સુધી વાદી તથા તેમના વિ.વ.શ્રીનો અવાર–નવાર પોકાર કરાવવા છતાં વાદી કે તેમના તરફે વિ.વ.શ્રી હાજર નથી.

(૨) રેકર્ડ વંચાણે લેતાં પ્રતિવાદીના વિ.વ.શ્રી મારફતે આંક–૫૫, તા.૧૭/૦3/૨૦૨૨ ના રોજ પ્રતિવાદી કિશોરભાઇ હિંમતલાલ જાની તા.૧૨/૦૨/૨૦૨૨ ના રોજ મરણ ગયેલ હોવાની તથા તેમના વારસદારોની હકીકત જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. રેકર્ડ જોતાં આ કામે એક માત્ર પ્રતિવાદી છે, જે મરણ ગયેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક–૬૭ થી તા.૨૧/૦૪/૨૦૨૨ ના રોજ પ્રતિવાદીના વારસોને જોડવા માટે મુદત માંગતો મુદત રીપોર્ટ રજુ કરેલ છે. ત્યારબાદ રોજકામ ધ્યાને લેતાં વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા નથી કે પ્રતિવાદીના વારસદારોને રેકર્ડ ઉપર લાવવા માટે કોઇ જ કાર્યવાહી કરેલ નથી.

(૩) આ કામના એક માત્ર પ્રતિવાદી ગુજરી ગયા બાદ વાદીએ નિયત સમય મર્યાદામાં તેમના વારસદારો રેકર્ડ ઉપર લાવવા જોઇએ. પ્રતિવાદી મરણ ગયેલાની હકીકત વાદી તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજથી જાણે છે તે હકીકત રેકર્ડ ઉપરની છે. તેમ છતાં નામદાર સુપ્રિમકોર્ટે કોવિડ-૧૯ ની મહામારીને ધ્યાને રાખતાં લીમીટિશન એક્શટેશન માટેના સુઓ મોટો હુકમ કરેલ છે અને તે મુજબ તા.૦૧/૦૩/૨૦૨૨ ના રોજથી પણ સમયની ગણતરી કરીએ તો પણ સમય મર્યાદા દિવસ-૯૦ માં વાદીએ પ્રતિવાદીના વારસદારોને રેકર્ડ ઉપર લાવવા કોઇ કાર્યવાહી કરેલ નથી. સબબ, પ્રતિવાદી સામેનો દાવો સી.પી.સી. ઓર્ડર-૨૨ રુલ-૪ મુજબ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને આ રીતે વાદીનો દાવો ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૮ મી, માહે-જુલાઇ, સને-૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૮-૦૭-૨૦૨૨
વેરાવળ.

(જયશ્રીબેન શિવાભાઇ સુતરીયા)
પ્રિન્સી. સીની. સીવીલ જજ
વેરાવળ-ગીર સોમનાથ.
જજ કોડ નં.જીજે૦૦૮૭૭